RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૦૨ તા.૩–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી ટી.પી.–૨ (ઉધના) ફા.પ્લોટ નં. ૫૨, વાજપાયી આવાસ યોજના પાસે, અગાઉ ડીમોલેશન થયેલ કોર્નરવાળી મિલ્કત બાબત મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે મેઈન રોડ પર હાલમાં તૈયાર થતાં બાંધકામવાળી મિલ્કત કે જેનું ડીમોલેશન અગાઉ આપના વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું તે જ મિલ્કતને ફરીથી બાંધકામ કરવા અંગેની આપના વિભાગ તરફથી વિકાસ પરવાનગી આપી હોય તો તેની નકલ આપશો. વિ. મુદ્દા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૦૨/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી ટી.પી.–૨(ઉધના) ફા.પ્લોટ નં. ૫૨, વાજપાયી આવાસ યોજના પાસે, અગાઉ ડીમોલેશન થયેલ કોર્નરવાળી મિલ્કત બાબત. મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે મેઈન રોડ પર હાલમાં તૈયાર થતાં બાંધકામવાળી મિલ્કત કે જેનું ડીમોલેશન અગાઉ આપના વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું તે જ મિલ્કતને ફરીથી બાંધકામ કરવા અંગેની આપના વિભાગ તરફથી વિકાસ પરવાનગી આપી હોય તો તેની નકલ આપશો. વિ. મુદ્દા નં. (૧)થી (૨)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૭૩૧ તા.૧૩–૨–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે પછી પણ નારજગીના કિસ્સામાં તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૭૭૪ તા.૧૬–૨–૧૨ ના પત્રની નકલ તથા મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ ન મળતાં અરજદારે તા.૩–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૭૪ તા. ૧૬–૨–૧૨ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૨ ની નિયત સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ટી.પી.–૨(ઉધના) ફા.પ્લોટ નં. ૫૨, વાજપાયી આવાસ યોજના પાસે, અગાઉ ડીમોલેશન થયેલ કોર્નરવાળી મિલ્કત મેઈન રોડ પર હાલમાં તૈયાર થતાં બાંધકામવાળી મિલ્કત કે જેનું ડીમોલેશન અગાઉ આપના વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું તે જ મિલ્કતને ફરીથી બાંધકામ કરવા અંગેની આપના વિભાગ તરફથી વિકાસ પરવાનગી આપી હોય તો તેની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સંદર્ભ હેઠળની અરજીમાં જણાવેલ પ્રશ્ન વાળી મિલ્કત ટીપી ૨ (ઉધના) ફા.પ્લોટ નં.પર બાજપેયી મિલ્કતના બાંધકામ માટે વિકાસ પરવાનગી આપવામાં

આવેલ નથી તેથી તેઓ ધ્વારા માંગવામાં આવેલ નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) આ બાંધકામ વિના મંજુરીથી ફરીથી ઉભું થતું હોય તો તેની વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગ ધ્વારા કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉધનાઝોનના રેકર્ડમાં ઉપલબ્ધ ન હોય આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

અરજદારને અપીલ તબકકે તેમનો પક્ષ રજૂ કરવા તક આપવા છતાં મળેલ માહિતી અંગે અપીલ તબકકે કોઈ પૂરક રજૂઆત કે તેમનો પક્ષ રજૂ કરેલ નથી.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩–૨–૧૨ ધ્યાને લેતાં ૩–૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૮–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સંપર્ક કરી મુદ્દા નં.ર અંગે દફતરી તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરી તેની જાણ અત્રે કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,